પહેલા પાનાનું ચાલુ

## ભાજપની સરકાર

રચવાને લગતી ટ્વીટ બાદમાં કાઢી નખાઇ હતી. જોકે પછી કલાક રહીને એ જ બાબત ટ્વીટ કરી હતી.

અગાઉ, કર્ણાટકમાં સરકાર રચવા માટે ભારતીય જનતા પક્ષ (ભાજપ) અને જનતા દળ (એસ) - કૉંગ્રેસની યુતિએ બુધવારે રાજ્યપાલ વજુભાઇ વાળાને મળીને દાવા કર્યા હતા. વિધાનસભ્યોનો ટેકો મેળવવા મોટા પાયે સોદાબાજી ચાલતી હોવાનો આક્ષેપ કરાયો હતો. અપક્ષના એક વિધાનસભ્યે ભાજપને ટેકો જાહેર કર્યો હતો. કૉંગ્રેસના બે વિધાનસભ્ય નલાપતાથ હોવાનું કહેવાય છે.

રાજ્યપાલે તેઓને બંધારણમાંની જોગવાઇ અને સર્વોચ્ચ અદાલતે અગાઉ આવા કિસ્સામાં આપેલા ચુકાદાને ધ્યાનમાં રાખીને અંતિમ નિર્ણય લેવાની બાંયધરી આપી હતી.

જનતા દળ (એસ)ના રાજ્ય એકમના વડા એચ. ડી. કુમારસ્વામી અને કર્ણાટક પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ જી. પરમેશ્વર સાથે રાજ્યપાલને મળ્યા હતા અને તેઓની યુતિને રાજ્યમાં સરકાર રચવા આમંત્રણ આપવા વિનંતિ કરી હતી.

કૉંગ્રેસે રાજ્યપાલ જો ભાજપને સરકાર રચવાનું આમંત્રણ આપે તો (અદાલતમાં જવા સહિતના) બધા વિકલ્પ ખુલ્લા રાખ્યા હોવાની સ્પષ્ટતા કરી હતી.

જનતા દળ (એસ) - કૉંગ્રેસની યુતિના મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર એચ. ડી. કુમારસ્વામીએ ભાજપ દ્વારા પોતાના વિધાનસભ્યોને નખરીદવાથ રૂપિયા ૧૦૦ કરોડની ઑફર કરાતી હોવાનો આક્ષેપ કરાયો હતો. આમ છતાં, ભારતીય જનતા પક્ષે આ આક્ષેપ નકારી કાઢ્યો હતો.

કર્ણાટકના ભાજપ એકમના વડા બી. એસ. યેદ્દીયુરપ્પાએ જણાવ્યું હતું કે હું રાજ્યપાલને મળ્યો હતો અને અમારા પક્ષને સૌથી વધુ બેઠક મળી હોવાથી મને મુખ્ય પ્રધાન તરીકે શપથ લેવા આમંત્રણ આપવા વિનંતિ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે અપક્ષના વિધાનસભ્ય શંકરે પણ ભાજપને પોતાનો ટેકો જાહેર કરતો પત્ર સુપરત કર્યો છે.

કેન્દ્રના પ્રધાન પ્રકાશ જાવડેકરે જણાવ્યું હતું કે રાજ્યમાં બિનજરૂરી તંગદિલી ઊભી કરવા પ્રયાસ થઇ રહ્યા છે. રાજ્યની જનતા અમારી સાથે છે.

ભાજપના નેતાઓ - સુરેશ કુમાર અને કે. એસ. ઇશ્વરપ્પાએ પણ રાજ્યમાં પોતાના પક્ષની સરકાર રચવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

કર્ણાટક વિધાનસભાની ૨૨૪ બેઠકમાંથી ભાજપને સરકાર રચવા માટે ૧૧૨ બેઠક જરૂરી છે, પરંતુ તેણે ૧૦૪ બેઠક જીતી છે.

રાજ્યમાં ૧૨મી મેએ ૨૨૨ બેઠક પરથી ચૂંટણી યોજાઇ હતી, જ્યારે બાકીની બે બેઠક પર બાદમાં ચૂંટણી યોજાશે.

કૉંગ્રેસ અને જનતા દળ (એસ)ની યુતિની વિધાનસભામાં બહુમતી છે.

કુમારસ્વામીએ પોતાના જનતા દળ (એસ)ના વિધાનસભ્યોમાંથી કોઇ ભાજપની સાથે મળી નહિ ગયો હોવાનો દાવો કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે જનતા દળ (એસ) અને કૉંગ્રેસે ચૂંટણી પછી યુતિ કરી છે, જ્યારે અમારી બહુજન સમાજ પક્ષ (બીએસપી)ની સાથે ચૂંટણી પહેલાં જ યુતિ હતી. અમારા કુલ ૧૧૭ વિધાનસભ્યનો ટેકો સાબિત કરતો પત્ર રાજ્યપાલને સુપરત કરાયો હતો.

કુમારસ્વામીએ જણાવ્યું હતું કે અમારી યુતિના બન્ને પક્ષના વિધાનસભ્યોની બેઠકમાં પસાર કરાયેલા ઠરાવોની નકલ પણ વજુભાઇ વાળાને અપાઇ હતી.

તેમણે જણાવ્યું હતું કે રાજ્યપાલે આ પ્રકરણમાં અંતિમ નિર્ણય લેતા પહેલાં ગોવા, મિઝોરમ, નાગાલેન્ડ અને મણિપુર જેવા રાજ્યોમાંની આવી ઘટનાને પણ ધ્યાનમાં લેવાની બાંયધરી આપી હતી.

રાજ્યપાલને મળવા ગયેલા યુતિના નેતાઓના પ્રતિનિધિમંડળમાં જનતા દળ (એસ) અને કૉંગ્રેસના અમુક વિધાનસભ્ય પણ હતા.

સિદ્ધરમૈયાએ આક્ષેપ કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભાજપને સત્તા પર લાવવા માટે સોદાબાજી કરાવે છે.

કૉંગ્રેસના વિધાનસભ્યોની બુધવારે મળેલી બેઠકમાં અમુકની ગેરહાજરી અંગે પુછાયેલા સવાલના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે અમે બધા એકસાથે છીએ.

દરમિયાન, ગુજરાતમાં રાજ્યસભાની બેઠકોની ચૂંટણી વખતે કર્ણાટકની રિસોર્ટમાં ગુજરાતના વિપક્ષના વિધાનસભ્યોના યજમાન બનનારા ડી. કે. શિવકુમારે કૉંગ્રેસના બે નલાપતાથ વિધાનસભ્ય પક્ષના અન્ય વિધાનસભ્યોની સાથે સંપર્કમાં હોવાનો દાવો કર્યો હતો.

કુમારસ્વામીએ જણાવ્યું હતું કે કૉંગ્રેસે અમને બિનશરતી ટેકો આપ્યો છે અને અમે પાંચ વર્ષ સુધી સ્થિર સરકાર આપીશું. (પીટીઆઇ)■

## કુમાર સ્વામીનો આક્ષેપ

(એસ) - કૉંગ્રેસની યુતિના મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર એચ. ડી. કુમારસ્વામીએ ભાજપ દ્વારા પોતાના વિધાનસભ્યોને 'ખરીદવા' રૂપિયા ૧૦૦ કરોડની ઑફર કરાતી હોવાનો આક્ષેપ કરાયો હતો. આમ છતાં, ભારતીય જનતા પક્ષે આ આક્ષેપ નકારી કાઢ્યો હતો.

૨૦૧૪માં કૉંગ્રેસે કેન્દ્રમાં સત્તા ગુમાવતાં કર્ણાટકમાં ચીટકી રહેવા મરણિયા પ્રયાસ કરી રહ્યો છે. તે સિવાય આ પક્ષ પંજાબ, કેન્દ્ર પ્રદેશ વિસ્તાર પુડુચેરી અને મિઝોરામ મળીને દેશની ૧.૨૫ અબજ લોકોની વસતિના માત્ર ૨.૫ ટકા છે. જ્યારે દેશના ૨૯ રાજ્ય પૈકી ૨૧ રાજ્યમાં ભાજપની સત્તા છે. ૨૦૧૪ની સાર્વત્રિક ચૂંટણીમાં ભાજપને જ્વલંત વિજય મળ્યા પછી ભાજપએ મોટો સપાટો બોલાવીને ઉત્તરીય ભારતમાં ડઝનબંધ વિજય મેળવ્યા હતા. કર્ણાટક જ એવું દક્ષિણી રાજ્ય છે જ્યાં બીજો પક્ષ સત્તા સ્થાને હતો. એન ચંદ્રાબાબુ નાયડુનું આંધ્ર પ્રદેશમાં રાજકીય રીતે પતન થયા પછી દક્ષિણી રાજ્યોની મહત્ત્વાકાંક્ષાના પ્રવેશદ્વારમાંથી ફરી પ્રયાસ કરવા ભાજપની મથામણ ચાલી રહી છે. ■

## સંરક્ષણ

(થ્રી-જી) ઈંધણ ગણવામાં આવશે.

મેટ્રો ટ્રેનના નેટવર્કને નોએડા સિટી સેન્ટરથી ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદની સીમાડે આવેલા સેક્ટર-૬૨ સુધી લંબાવવા માટેના રૂપિયા ૧,૯૬૭ કરોડના રોકાણને મંજૂરી અપાઇ હતી.

સેન્ટ્રલ કાઉન્સિલ ઑફ હોમિયોપથીના હોદ્દેદારો પરના ભ્રષ્ટાચારના આરોપને પગલે આ પરિષદની નવેસરથી રચના કરવા માટેના વટહુકમને કેન્દ્રના પ્રધાનમંડળે બહાલી આપી હતી.

ભારત સંચાર નિગમ લિમિટેડ (બીએસએનએલ) સંરક્ષણ સેવાના વૈકલ્પિક સંદેશવ્યવહાર નેટવર્કનું કામ ૨૪ મહિનામાં કામ પૂરું કરાશે.

નેશનલ બૅન્ક ફૉર એગ્રીકલ્ચર એન્ડ રુરલ ડેવલપમેન્ટ ('નાબાર્ડ') હેઠળ ભેગા કરવામાં આવનારા ભંડોળમાંથી રાજ્યોને નાની સિંચાઇ યોજના માટે ઓછા વ્યાજદરે નાણાં અપાશે. (પીટીઆઇ)■

## કાશ્મીર

ત્રાસવાદના રસ્તે જઇને ઇસ્લામને બદનામ કરતા તત્ત્વોને દૂર કરવા જરૂરી છે.

મુસ્લિમ ભાઇઓ અને બહેનો શાંતિથી અને મુશ્કેલી વગર રમજાન મનાવી શકે એ માટે સરકારની ઇચ્છા આ નિર્ણયમાં સહુ કોઇ સાથ આપે એવી છે.

રમજાનનો મહિનો ગુરુવારે કે શુક્રવારે ચાંદ દેખાવાને આધારે શરૂ થશે.

મહેબૂબાએ સરકારના નિર્ણયને વધાવતા ટ્વિટર પર જણાવ્યું હતું કે હું રમજાન વખતે યુદ્ધવિરામના નિર્ણયનો સહ્રદય સ્વાગત કરું છું અને આ મામલે નરેન્દ્ર મોદીજી તથા રાજનાથજીનો વ્યક્તિગત રસ દાખવવા બદલ આભાર માનું છું. બધા પક્ષોની બેઠકમાં ભાગ લેનાર નેતાઓ અને પક્ષોની આ મામલે સહમતિ દર્શાવવા બદલ હું આભારી છું.

ઓમર અબ્દુલ્લાએ જણાવ્યું હતું કે જો રમજાન દરમિયાન ત્રાસવાદીઓ કેન્દ્રના નિર્ણયનો અમલ નહીં કરે તો તેઓ લોકોના ખરાં દુશ્મન હોવાની વાત જાહેર થઇ જશે. ■

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

કરાચીવાળા હાલ બોરીવલી અ. સૌ. મૃદુલાબેન (ઉં. વ. ૭૦) તે દિલીપ કોટેચાના ધર્મપત્ની. વિજયના મમ્મી. ઉર્જીતાના સાસુ. પ્રેરકના દાદી તા. ૧૪-૫-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા- લૌ. વ્ય. બંધ છે.

**કચ્છી મોઢ વણીક**

કચ્છ માંડવી હાલ નવી મુંબઇ સ્વ. નરોતમદાસ વેલજી મણીયારના ધર્મપત્ની ગં. સ્વ. સાવીત્રીબેન (ઉં. વ. ૯૫) તા. ૧૫-૫-૧૮ના મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. તે કેશવલાલ જીવરાજ પારેખના પુત્રી. પ્રકાશ, રમેશ, મુકેશ, કિર્તી, હેમા, ઉષા, પુર્ણીમા, ભારતીના માતુશ્રી. દિવ્યા, બિંદુ, જયશ્રીના સાસુજી. મહેન્દ્ર રણછોડદાસ મણીયારના કાકી. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૭-૫-૧૮ના ટા. ૪ થી ૬. સ્થળઃ સ્વામી નારાયણ મંદીર હોલ, સેકટર ૨૯, વાશી હવેલી પાસે, વાશી, નવી મુંબઇ.

**કચ્છ વાગડ લેઉવા પાટીદાર**

કંથકોટના ઢાઢી સ્વ. લખમણ અણદાનાં ધર્મપત્ની અવલબેન (ઉં. વ. ૧૦૫) તા. ૧૨-૫-૧૮ના શનિવારના મુંબઇ મધ્યે રામશરણ થયેલ છે. તે સ્વ. જહુબેન, સવીબેન, મેઘીબેન, નાથાભાઇ, સ્વ. ગેલાભાઇનાં માતુશ્રી. તે લાધાભાઇ, જીતેન્દ્ર, ભરત, ધર્મેશ, ગીતાબેન, વનીતાબેનના દાદીમા. ગામ બાદરગઢના સ્વ. રામાબેન ગણેશા દુબરીયાનાં દીકરી. તે સ્વ. રાણીબેન, ગં. સ્વ. નબુબેન, સ્વ. રણછોડ નોર, સ્વ. રાજાભાઇ બેરા, ખીમજી વાવીયાનાં સાસુ. કમીબેન, ભાવના, રસીલાના દાદીજી સાસુ. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૭-૫-૧૮ના ૪ થી ૫.૩૦. સ્થળઃ જોશી જાગીર હોલ, મુક્તિધામ, પારસીવાડા, સહાર રોડ, અંધેરી (ઇ).

**ધાન્ધાર પંચાલ**

લીલાબેન જયચંદભાઇ પંચાલ ગામ તેનીવાડા હાલ લાલબાગ (ઉં. વ. ૮૦) ગુરુવાર તા. ૧૦-૫-૧૮ના દેવલોક પામેલ છે. પ્રવીણભાઇ, વિનેશભાઇ, શશીકાંતભાઇના માતુશ્રી. પ્રાર્થના શુક્રવાર ૧૮-૫-૧૮ના મુંબઇ મુકામે સવારે ૯ થી ૧. સ્થળઃ એ ૫૦૨, રોયલ રેસીડેન્સી, ચીવડા ગલી, લાલબાગ, મું. ૧૨.

**ગિરનારા પરજીયા સોની (પાલા)**

ભીમકટા હાલ બોરીવલી ગં. સ્વ. મયાબેન કેશવલાલ સોનીના પુત્રવધૂ. રાજેન્દ્ર કેશવલાલ સોનીના ધર્મપત્ની અ. સૌ. જયોતીબેન રાજેન્દ્ર સોની (ઉં. વ. ૬૫) ૧૫-૫-૧૮ મંગળવાર શ્રીજીચરણ પામેલ છે. તે દર્શનભાઇ, મોનેશભાઇ, ભાવીનીબેનના માતુશ્રી. કોમળબેન, અક્ષતાબેનના સાસુમા. રશ્મીભાઇ નયનાબેન, ઉર્મીલાબેનના ભાભી. સ્વ. ગીજુભાઇ, સ્વ. જયંતીભાઇ, સ્વ. જગદીશભાઇ, ગીરીશભાઇ, હસમુખભાઇના બેન. પ્રાર્થનાસભા ૧૭-૫-૧૮ ગુરુવારે ૫ થી ૬.૩૦. સ્થળઃ શ્રી સૌરાષ્ટ્ર પટેલ સમાજ, અશોકવન, હનુમાન ટેકરી, શીવ વલ્લભ રોડ, દહીસર (પુર્વ).

**દશા શ્રીમાળી વૈષ્ણવ**

જેતપુર હાલ વિલેપારલા મધુબેન રજનીકાંત તુલસીદાસ દોશીના પુત્ર ઉમંગ (ઉં. વ. ૩૮) તા. ૧૫-૫-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. તે ઉર્મીબેન જીતેશ જસાપરાના ભાઇ. અર્નવ, અનુષ્કાના મામા. સ્વ. મનુભાઇ, સ્વ. જગદીશભાઇ, મનહરભાઇ, અરુણભાઇ, સ્વ. કુસુમબેન, સ્વ. મૃદુલાબેન, સ્વ. સુભદ્રાબેન, ગં. સ્વ. સરલાબેન, ગં. સ્વ. હંસાબેનના ભત્રીજા. ગુલાબચંદ મોતીચંદ દોશીના દોહીત્ર. લૌ. પ્રથા બંધ છે.

**ખંભાત દશા શ્રીમાળી વણિક**

કૃષ્ણકાંત થાણાવાલા (ઉં. વ. ૮૫) તે મંજુલાબેનના પતિ. સ્વ. કેતન, સ્વ. કિંજલ, પૌલોમીના પિતા. પુર્વાંગ, મૌલીનના નાના. સુનીલ, નીપાના સસરા. વસ્તુપાલ, સ્વ. હસમુખલાલના ભાઇ ૧૪-૫-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૭-૫-૧૮ના સાંજે ૫ થી ૭. સ્થળઃ રહેજા ગાર્ડન કલબ હાઉસ, ટીપટોપ પ્લાઝાની સામે, તીનહાથ નાકા પાસે, મોહન ખોપકર માર્ગ, થાણે (વે).

**ઔદીચ્ય સહસ્ત્ર ગુજરાતી બ્રાહ્મણ**

ભાવનગર હાલ ઘાટકોપર પુષ્કરરાય (ડેડી) (ઉં. વ. ૯૧) તે સ્વ. મનુભાઇ ચુનીલાલ મહેતાના પુત્ર. તે સ્વ. અંબાશંકર ભીમજી વ્યાસના જમાઇ. તે દેવયાનીબેન મહેતાના પતિ. સ્વ. પ્રદ્યુમનભાઇ, તે સ્વ. જયાબેન, ગં. સ્વ. હંસાબેન, રઘુવીરભાઇ, સ્વ. હરીશભાઇના ભાઇ. પીનાકીન, ભરત, યોગીની, મુંજાલ, અચ્યુતના પિતાશ્રી ૧૨-૫-૧૮ શનિવારના કૈલાસવાસી થયેલ છે. પ્રાર્થનાસભા ૧૭-૫-૧૮ ગુરુવારે ૫ થી ૭. ઠે. શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ, ૧લે માળે, જોષી લેન, રામજી આશર સ્કુલની સામે, એમ. જી. રોડ, ઘાટકોપર (ઇ). ત્વચાદાન કરેલ છે.

**માધવપુર ગિરનારા બ્રાહ્મણ**

માધવપુર હાલ મુંબઇ સ્વ. નરેન્દ્ર અમૃતલાલ ભટ્ટ (નલુબાપા) ના પુત્ર ગોપાલ નરેન્દ્ર ભટ્ટ (ઉં. વ. ૭૩) તા. ૧૩-૫-૧૮ના રવિવારે શ્રીજીચરણ પામેલ છે. તે કુંદનબેનના પતિ. નિશા. હેમાંગના પિતાશ્રી. પીયુષ, આરતીના સસરા. ઉષાબેન, માલાબેન, હસમુખભાઇના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૧૭-૫-૧૮ ગુરુવારે સાંજે ૪ થી ૬. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી સ્ટેશન નજીક, બોરીવલી (પ.).

**ઘોઘારી દશા દિશાવળ વણીક**

બોરીવલી નિવાસી સ્વ. ધનવંતરાય ત્રિભોવનદાસ પારેખના પત્ની ગં. સ્વ. જસવંતીબેન (ઉં. વ. ૮૩) તા. ૧૫-૫-૧૮ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. સંજય, જયેશ, પલ્લવીના માતોશ્રી. ઉમા, પુષ્પા, નીતીનભાઇ પરમાણંદદાસ શાહના સાસુ. પુનમ, હંસી, પુજા, કૃપેશ, સાહીલના દાદી. આરતીના નાની. સાદડી તા. ૧૭-૫-૧૮ ગુરુવારના ૫ થી ૭. પીયર પક્ષ મોહનલાલ લક્ષ્મીદાસ શાહ તરફથી સાથે રાખેલ છે. ઠે. લુહાર સુતાર જ્ઞાતીની વાડી, કાર્ટર રોડનં ૩, મોટા અંબાજી મંદિરની બાજુમાં, બોરીવલી (ઇ).

**બાલાસિનોર દશાનીમા વણીક**

સ્વ. મંજુલાબેન બાબુલાલ કડકીઆ (બનડા)ના પુત્ર હેમંતભાઇ (ઉં. વ. ૭૧) તા. ૧૫-૫-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ઉર્વશીબેનના પતિ. મણીબેન રતીલાલ પરીખ (ચાહવાળા)ના જમાઇ. રાજનના ભાઇ. કીન્નરી, બીજલના પિતાશ્રી. દીપેશના સસરા. પ્રાર્થનાસભા ૧૭-૫-૧૮ ગુરુવારના ૫.૩૦ થી ૭.૩૦. લોહાણા મહાજનવાડી, ૧લે માળે, શંકર મંદિરની બાજુમં, એસ. વી. રોડ, કાંદિવલી (વે). ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થનાસભા પછી તમામ લૌ. પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

કરાચીવાળા હાલ નવી મુંબઇ મુકેશ (ઉં. વ. ૬૨) રવિવાર તા. ૧૩-૫-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. તે મંજુલાબેન મણીલાલ પ્રાગજી ઠક્કરના પુત્ર. વર્ષાબેનના પતિ. ભાવીક, બેલા અમીત કાથરાણીના પિતાશ્રી. શારદાબેન નટવરલાલ કોટક- પુનાવાળાના જમાઇ. તરલા પ્રવીણ (દીપક), પ્રફુલા ભરત, જયોતી પ્રવીણ પોપટ, લતા કીરીટ કોટેચાના ભાઇ. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૭-૫-૧૮ના સાંજે ૫ થી ૭. સ્થળઃ લવંડર બાગ, સ્વામીનારાયણ મંદીરની બાજુમાં, ૧લે માળે, ૯૦ ફીટ રોડ, ગારોડીયા નગર, ઘાટકોપર (ઇ).

**દશા પોરવાડ**

હાલોલ (કણજરી) હાલ થાણા સ્વ. લાડવાઇબેન મુલજીભાઇ મહેતાના પુત્ર શશીકાંતભાઇ મહેતા (ઉં. વ. ૭૪) તે માલતીબેનના પતિ. કેયુર-હિમાંશુ-કેતકીના પિતાશ્રી. રીનાબેન તથા પારસભાઇના સસરા. રિદ્ધી, પાર્થના દાદા. જયના નાના તા. ૧૩-૫-૧૮ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌ. વ્ય. રાખેલ નથી.

**હડીયાના ચોવીસી**

હડીયાના હાલ ઘાટકોપરના રાજેન્દ્ર રમણીકલાલ જાની. મેહુલભાઈના પિતા, હર્ષાબેનના પતિ ૧૪-૫-૧૮ સોમવારના કૈલાસવાસી થયા છે. પ્રાર્થનાસભા તથા લૌકીક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી ભાનુશાલી**

કચ્છ ગામ ધુણાઇના સ્વ. પરસોત્તમ મનજી ચાંદ્રા(દેવાણી)ના પુત્ર પ્રવીણ (ખેતશી) (ઉં. વ. ૪૭) તા. ૧૫-૫-૧૮ મંગળવાર થાણા-મુંબઇ મધ્યે ઓધવશરણ પામેલ છે. તે રાજ, ધવલના પિતાશ્રી. માવીત્ર પક્ષ સ્વ. તુલસીદાસ, સ્વ. ચંદુલાલ મનજી ચાંદ્રા, સ્વ. પ્રેમજીભાઇ, સ્વ. લક્ષ્મીદાસ, સ્વ. કેશવજી મોરારજી ચાંદ્રા. મોસાળ પક્ષે સ્વ. નાનજી પ્રેમજી ગજરા ગામ ધુણઇ. સાસરા પક્ષે મંગલદાસ નેણશી કટારમલ ગામ પ્યાકા. તેમજ જમાઇઓ મહેશ ત્રીકમજી માવ-ધુણઇ. શંકરલાલ મેરાજ મંગે- પરજાઉ, અશોક લીલાધર મંગે ભાડઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌ. વ્ય. બંધ છે.

**દેસાઇ સઇ સુતાર જ્ઞાતિ**

વરલ હાલ સુરત સવજીભાઇ ઝવેરભાઇ સોલંકીના પત્ની લાભુબેન સવજીભાઇ સોલંકી (ઉં. વ. ૬૬) તા. ૧૩-૫-૧૮ના રામશરણ પામેલ છે. મનોજ, પરેશ, ધર્મેન્દ્રના માતા. સ્વ. શાંતીભાઇ જવેરભાઇ સોલંકી, સ્વ. ભુપતભાઇ ઝવેરભાઇ સોલંકીના નાના ભાઇના પત્ની. છગનભાઇ ઝવેરભાઇ સોલંકીના ભાભી. પાલીતાણા નિવાસી સ્વ. વનમાળીભાઇ નાનજીભાઇ મકવાણાના દીકરી. બંને પક્ષની સાદડી ગુરુવાર તા. ૧૭-૫-૧૮ના ૩ થી ૫. સ્થળ- શ્રી દેસાઇ સઇ સુતાર વાડી, સ્વયંભુ ગણપતી મંદિરની સામે, અશોકનગર, કાંદીવલી (પુર્વ). લૌ. પ્રથા બંધ છે.

**સુથાર મિસ્ત્રી**

તળાવચોરા હાલ બોરીવલી મનીષભાઇ ચીમનલાલ મિસ્ત્રી (ઉં. વ. ૪૭) ૧૪-૫-૧૮ સોમવાર શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. સુમીત્રાબેનના પુત્ર. જિગ્નાબેનના પતિ. રિયાના પિતાશ્રી. કીરીટભાઇના ભાઇ. કિશોરચંદ્ર કુંવરજી મહેતાના જમાઇ. પ્રાર્થનાસભા ૧૭-૫-૧૮ ગુરુવારે સાંજે ૪ થી ૬. સ્થળઃ લેઉઆ પાટીદાર વાડી, પ્લોટ નં. ૩૨૨/૩૪૨, આર. એસ.સી. ૩૭, પ્રગતી સ્કુલની બાજુમાં, ગોરાઇ પાર્ટ-૨, બોરીવલી (પ.).

**કચ્છી લોહાણા**

સ્વ. લીલાવંતી કાનજી હરજી પુજારાની પુત્રી હિનાબેન તે કોમલ દીપ દાહીમાની માતુશ્રી. સુરેશ, રમેશ, પીયુશ, નીતા જગદીશ ગણાત્રાની બહેન. સ્વ. જયશ્રી, હર્ષા, તારાની નણંદ. નીતીન, બીજલ રાજા પરીક, શીતલ, મેઘના, જીજ્ઞા, ભાવિકના ફુઇ ૧૫-૫-૧૮ના સ્વર્ગવાસ થયેલ છે. પ્રાર્થનાસભા ૧૭-૫-૧૮ ગુરુવારના ૫.૩૦ થી ૭ ઠે. શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી. લૌ. વ્ય. બંધ છે.

**લુહાર સુથાર જ્ઞાતિ**

રાજુલાવાળા હાલ જોગેશ્વરી સ્વ. શાંતાબેન પ્રાગજીભાઇ ગોવિંદભાઇ મકવાણાના પુત્ર અશોકભાઇ (ઉં. વ. ૫૫) ૧૪-૫-૧૮ સોમવારના શ્રી રામચરણ પામેલ છે. તે જયશ્રીબેનના પતિ. રસીલાબેન કિશોરભાઇ પરમાર, ઉર્મીલાબેન ગુણવતરાય પરમાર, વિનોદભાઇ પ્રાગજીભાઇ મકવાણાના ભાઇ. નીકુંજભાઇ પ્રીતીબેન સચીનકુમાર કવા, જલ્પાબેન ભાવેશકુમાર ચૌહાણના પિતાશ્રી. સ્વ. નંદલાલભાઇ જીવણભાઇ કવા (કુકડવાળા)ના જમાઇ. જયોતીબેન વિનોદભાઇ મકવાણાના જેઠ. પ્રાર્થનાસભા ૧૮-૫-૧૮ શુક્રવારે સાંજે ૫ થી ૭. ઠે. લુહાર સુથાર વેલફેર સેન્ટર, કાર્ટર રોડ નં. ૩, અંબાજી મંદીરની બાજુમાં, બોરીવલી (પુર્વ).

**ઇડર પીપાવંશી દરજી સમાજ**

સાબલવાડ હાલ દહીસર કાંતીભાઇ ભીખાભાઇ ચૌહાણ (ઉં. વ. ૬૪) તે સ્વ. જરીબેનના પુત્ર. કૈલાસબેનના પતિ. કલ્પેશ, કવિતા જયેશકુમાર વ્યાસ, પ્રીતેશના પિતા. સ્વ. ઇશ્વરભાઇ તથા વસંતીબેન ભોગીલાલ જામળાના ભાઇ. બરવાવ પુરુષોત્તમ ચુનીલાલના જમાઇ ૧૪-૫-૧૮ સોમવારના દહીસર મુકામે શ્રીજીચરણ પામેલ છે. સુતક લોકાચાર ૧૮-૫-૧૮ શુક્રવારના ૩ થી ૪. ઠે. સ્વામી નારાયણ સંસ્કાર ધામ બી-૩૦૨, ડાયમોડા ઇન્ડ. એસ્ટેટ, નીયર દહીસર પેટ્રોલ પંપ, એસ. વી. રોડ, દહીસર (ઇ).

**હાલાઈ લોહાણા**

બળેજ હાલ મુંબઈ સ્વ. જયાબેન / રમાબેન જમનાદાસ રતનશી મજીઠીયાના પુત્ર વિનોદભાઈ (ઉં. વ. ૭૬), તે ગં. સ્વ. લલીતાબેન કાંતિલાલ પુજારા, સ્વ. હસમુખ, સ્વ. ચંદ્રકાંત, હરેશ, સ્વ. દિલીપ, ચંદ્રકાંત, રમેશના ભાઈ. તે સૌ. હંસા, સ્વ. નીરૂબેન, ગં. સ્વ. પ્રવિણાબેન, સૌ. સરોજબેનના જેઠ. સૌ. મમતા જીગર ઠક્કર, દિપેશ, વીકી, જીગ્નેશ, રાજુ, રોનક, ધ્રુવ, સૌ. ભાવિષા કમલેશ માખેચાના અદા વલસાડ મુકામે ૧૫-૫-'૧૮ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

## જૈન મરણ

**કચ્છ વાગડ સાત ચોવીસી જૈન**

જંગી હાલે સાયન સ્વ. મેહુલ (ઉં. વ. ૩૭) તા. ૧૫-૫-૧૮ના અરિહંતશરણ થયેલ છે. તે કુંવરબેન મોતીલાલ પ્રેમચંદ કુબડીયાના પૌત્ર. સ્વ. હીનાબેન કિશોરભાઇના પુત્ર. બીજલ મહેનકુમાર, અંજલી વિપુલકુમાર, નેહલ હીરેનકુમારના ભાઇ. તે રસીકભાઇ, સ્વ. નવનીતભાઇ, નરેન્દ્રભાઇ, ભરતભાઇ, મહેન્દ્રભાઇ, ચંપાબેન રસીકભાઇ લોદરીયા, પુષ્પાબેન નરેન્દ્રકુમાર દોશીનો ભત્રીજો. શાંતીલાલ ધનજીભાઇ વોરાનો દોયત્રો. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૭-૫-૧૮ના ગુર્જર વાડી, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (સે. રે.) ટા. ૩.૩૦ થી ૫. લૌ. વ્ય. બંધ છે.

**સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી સ્થા. જૈન**

ધોરાજી હાલ સાયન સ્વ. ગુલાબબેન રસીકલાલ દફતરીના પુત્ર કીરીટભાઇ (ઉં. વ. ૬૯) તે ગં. સ્વ. હેમાબેનના પતિ. સ્વ. જીતેન્દ્રભાઇ, નરેન્દ્રના ભાઇ. પાયલ આશીષના સસરા. લાઠી નિવાસી સ્વ. જયંતીલાલ હરગોવિંદભાઇ ભાયાણીના જમાઇ. પ્રિયલ, નાયરાના દાદા ૧૫-૫-૧૮ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થના તા. ૧૭-૫-૧૮ ગુરુવારના ૪ થી ૫.૩૦. ઠે. કરસન લધુ નીસર હોલ, ૧૨, જ્ઞાનમંદિર રોડ, દાદર (વે). લૌ. વ્ય. બંધ છે. ચક્ષુદાન- ત્વચાદાન કરેલ છે.

**માંગરોળ જૈન**

રસીકલાલ નગીનદાસ દોશી (ઉં. વ. ૮૭) હાલ કલકત્તા. તે સ્વ. શશીકાંતભાઇ, કિશોરભાઇ, બીપીનભાઇ, રાજેનભાઇ, કુમુદબેન, પ્રમીલાબેન, મૃદુલાબેનના ભાઇ તા. ૧૫-૫-૧૮ના કલકત્તા મુકામે અરિહંતશરણ પામેલ છે. લૌ. વ્ય.- પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

ગારીયાધાર હાલ વિલેપારલા રતીલાલ મગનલાલ શાહના પુત્ર જયંતકુમાર શાહ (ઉં. વ. ૭૮) તા. ૧૬-૫-૧૮ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે ચંદ્રીકાબેનના પતિ. આરતી રાજુભાઇના પિતા. સ્વ. જસવંતરાય, હસુબેન શાંતીલાલ ધોળકીયા, સ્વ. નીલમબેન ભુપતરાય ફાફડીયા, સરોજબેન નવીનચંદ્ર મહેતા, મધુબેન સુરેશકુમાર કપાસીના ભાઇ. ગોંડલ નિવાસી શાંતીલાલ જટાશંકર શેઠના જમાઇ. શત્રુંજય ભાવયાત્રા શુક્રવાર ૧૮-૫-૧૮ના સવારે ૧૦ થી ૧૨ ખડાયતા ભવન, હનુમાન રોડ, લેકમે શોરૂમની બાજુમાં, વિલેપારલા (ઇ).

**દશા શ્રીમાળી ઝાલા. સ્થા. જૈન**

લીંબડી હાલ મુંબઇ સ્વ. કંચનબેન શાંતીલાલ મનસુખલાલ દફતરી (ચશ્માવાળા)ના પુત્ર બીપીનભાઇના ધર્મપત્ની જયોતીબેન (ઉં. વ. ૭૪) તા. ૧૫-૫-૧૮ના અરિહંતશરણ પામેલ છે. ઉર્વીના, સમીર શાહના માતુશ્રી. સ્વ. ડો. ધીરજલાલ હરિલાલ ગોસલીયાના પુત્રી. સુમનબેન વિનોદચંદ્ર શાહના વેવાણ. લૌ. વ્ય.- પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. બી-૯, ગાલાનગર, મુલુંડ (વે).

**ક. દ. ઓ. જૈન**

ચંદનબેન નરેન્દ્ર ધરમશી ગામ તેરા હાલ પુનાના પુત્રવધૂ અ. સૌ. પ્રાચી (ઉં. વ. ૪૪) તા. ૧૩-૫-૧૮ રવિવારના દેવશરણ પામેલ છે. બીરેનભાઇના ધર્મપત્ની. રીયા, રોહનના માતુશ્રી. અ. સૌ. બીના જયંત નાગડા, અ. સૌ. દીપા જયેશ લાલકાના ભાભી. સામા પક્ષે અપર્ણા વાસુદેવ દેશપાંડેના પુત્રી. પ્રાર્થના રાખેલ નથી. લૌ. વ્ય. બંધ છે. બીરેનભાઇ નરેન્દ્ર ધરમશી સહકાર નગર, પુના.

**દરીયાપુરી સ્થા. જૈન**

કલોલ હાલ મુંબઇ મધુબેન ચીનુભાઇ શેઠ (ઉં. વ. ૮૩) તા. ૧૩-૫-૧૮ના અવસાન પામેલ છે. તે જયેશભાઇ, મહેશભાઇ, હરેશભાઇ, ભારતીબેન, અંજનાબેન, ઇલાબેનના માતુશ્રી. નીપાબેન, જગદીશકુમાર, નીતીનકુમાર, જતીનકુમારના સાસુ. ભાવીન, હેતાના દાદી. કિંજલ, કિન્નરી, દર્પણ, ચિંતન, હર્ષ, ડીમ્પલ, હાર્દીક, હિમાંશુના નાની. બેસણું ૧૭-૫-૧૮ના ૩ થી ૫ વર્ધમાન સ્થા. જૈન ઉપાશ્રય, ડાયમંડ ટોકીઝની સામે, એલ. ટી. રોડ, બોરીવલી (વે).

**ઝાલાવાડ વિશા શ્રીમાળી મૂ. પૂ. જૈન**

ભીમનાથ હાલ ઘાટકોપર સ્વ. વિમળાબેન કાંતીલાલ પ્રેમચંદ શાહના પુત્ર કમલેશભાઇ તે બીનાબેનના પતિ. જયતી, માનશી, નીકીશાના પિતાશ્રી. અલ્કેશભાઇ, મીનાબેન પીયુશકુમાર દોશી, ભાવનાબેન આશીષકુમાર દોશીના ભાઇ. વર્ષાબેનના દીયર. સેવંતીભાઇ ભીખાભાઇ કોઠારી (માંડલ) હાલ બોરીવલીના જમાઇ સોમવાર ૧૪-૫-૧૮ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના બંને પક્ષની ૧૭-૫-૧૮ના સવારે ૧૦ થી ૧૨ લાયન્સ કોમ્યુનીટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર (ઇ). ચક્ષુદાન કરેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વે. મૂ. જૈન**

સુરેન્દ્રનગર હાલ ઘાટકોપર હિંમતલાલ મનસુખલાલ શાહના પુત્ર સ્વ. પ્રવિણભાઈના ધર્મપત્ની હંસાબેન (ઉં. વ. ૬૮), તે મેહુલ, જયેશ, જીજ્ઞાના માતુશ્રી. અમી, નિલમ, જીતેશકુમારના સાસુ. સ્વ. સુરેશભાઈ, સ્વ. હર્ષદભાઈ, મૃદુલાબેન દિલીપભાઈ, પ.પૂ. જયશીલાશ્રીજી મ.સા. (સંસારી)ના ભાભી ૧૫-૫-'૧૮ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૭-૫-'૧૮ ગુરુવારે સવારે ૧૦ થી ૧૨. ઠે. પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગોધરાના દામજી રતનશી લાલન (ઉં. વ. ૭૦) તા. ૮ મેના દેશમાં અવસાન પામેલ છે. સ્વ. કેસરબાઈ રતનશીના પુત્ર. સ્વ. મણી/મંજુલાના પતિ. સ્વ. હીરેન, દેવેન, રૂપલના પિતા. નવિન તલવાણાના સ્વ. કસ્તુર હીરજી, ફરાદીના ગં. સ્વ. પાનબાઈ કેશવજી રાયમલના ભાઈ. મોટી ઉનડોઠના સ્વ. કેસરબાઈ મુરજી લધુના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી.

## પારસી મરણ

પેસી ફરામરોઝ શ્રોફ, તે એમી પેસી શ્રોફના ખાવિંદ. તે મરહુમો શીરીનબાઇ તથા ફરામરોઝ પેસ્તનજી શ્રોફના દીકરા. તે મરહુમો હીરાબાઇ તથા લીમજીભાઇ જીજીભાઇ શ્રોફના જમાઇ. તે મરહુમો જહાંગીર, દારબ, રૂસી, સામ, શેહરૂ, ખોરશેદ, રોશન, દૌલત ને ગુલના ભાઇ (ઉં. વ. ૯૦). રહેવાનું ઠે. ઉનવાલા બિલ્ડીંગ, ૧૦, ગીલ્ડર લેન, નવજીવન સોસાયટીની સામે, મુંબઇ ૮.

તેહમી મીનુ અમરોલિયા તે મરહુમ મિનોચેર અરદેશર ભરૂચા અને મરહુમ પીલામાઇ મિનોચેર ભરૂચાના દીકરી. તે મીનુ રૂસ્તમજી અમરોલીયાના વિધવા. તે નરગીસ મિનોચેર ભરૂચા અને શેરૂ મીનુ મિસ્ત્રી અને મરહુમ પરવેઝ મિનોચેર ભરૂચાના બહેન તા. ૧૫-૫-૧૮ના ગુજરી ગયા છે. તેમનું ઉઠમણું ૧૭-૫-૧૮ના ૩.૪૫ કલાકે વાડીયાની બંગલી ડુંગરવાડી ખાતે છેજી. ઠે. ૬૬૮, દેસાઇ બિલ્ડીંગ, કાત્રક રોડ, વડાલા, મું. ૩૧.

## મુસ્લિમ મરણ

સકીનાબાઇ તૈયબઅલી તથા રૂબાબબાઇ સંચાવાળાની દીકરી. તે મરહુમ ઇસ્માઇલભાઇ મુ. યુસુફઅલી મહુવાવાલાના બૈરો. તે હેપ્તુલ્લાભાઇ, સૈફુદ્દીનભાઇ, જુજરભાઇ, અબ્બાસભાઇના માસાહેબા. તે રશીદાબાઇ, તસનીમબાઇ, બતુલબાઇ, મુનીરાબાઇ (મહેજબીનબાઇ)ના સાસુજી. તે આદમભાઇ, જેનીબાઇ, નુરુભાઇ, મ. હુસેનભાઇ, મ. નફીસાબાઇ ને મુનીરાબાઇ તથા મારીયાબાઇના બહેન ૧૫-૫-૧૮ના મંગળવારે ગુજરી ગયા છે. સીપારા અંજીરવાડી, ડી બ્લોક, ૧૬૨૨/૨૪ ખાતે રાખેલ છે.

**ખોજા શીઆ ઈસ્નાઅશરી**

ગુલશનબાનુ બિન્તે ગુલામઅલી કરમાલી તે શેઠ ઈરશાદ હુસૈન ઈમદાદઅલી ચેવલવાળાના માતાજી ખુદાની રહેમતે પહોંચ્યા આરામબાગ. ઉં. વ. ૭૪. બેઠી ઝીયારત.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|